## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




છાનામાના પાણીથી નાહી લો, પ્લેસ્ટોર પર પાણી વગર નાહી શકાય તેવી કોઈ એપ્લીકેશન મળવાની નથી....

# ૨૦૧૯ સુધીમાં ગાંધીનગર શહેર અને માણસા તાલુકાને ટી.બી. ફ્રી બનાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૪

૨૦૧૯માં ગાંધીનગર શહેર અને માણસા તાલુકાને ટી.બી. મુક્ત વિસ્તાર બનાવવામાં આવશે.

ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ ટી.બી. ફોરમની આજે જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાના અધ્યક્ષપદે મળેલી બેઠકમાં આ અંગેની જાહેરાત કરતાં જિલ્લા ક્ષય અધિકારી ડૉ. મીનાબેન ચૌહાણે જણાવ્યુ હતુ કે આ પછી જિલ્લાના અન્ય વિસ્તારોને પણ આવરી લેવામાં આવશે. ૨૦૧૫ સુધીમાં ટી.બી. મુક્ત રાજ્ય બનાવવાનું લક્ષ્યાંક છે.

તેમણે જણાવ્યુ હતુ કે ટી.બી.ને નાથવા માટે વિવિધ વ્યુહરચનાઓ પર કામગીરી ચાલી રહી છે. આ બેઠકમાં બોલતાં જિલ્લા વિકાસ અધિકારી કોયાએ શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન આ રોગના બાળ દર્દીઓને શોધવા પર પણ તંત્ર ભાર મુકે તેવો આગ્રહ કરવામાં આવ્યો હતો.

ટી.બી. પોષણ સહાય ચુકવણીમાં ચાલતી ધીમી કામગીરી અંગે તેમણે તેમાં ગતિ લાવવા પર ભાર મુકી જણાવ્યુ હતુ કે આગામી દિવસોમાં આ માટે બેંકના અધિકારીઓ સાથે બેઠક યોજી અને તે દિશામાં કામગીરી સઘન બનાવવામાં આવશે.

આ બેઠકમાં જિલ્લા કલેરક્ટરે પણ શહેર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારના દર્દીઓ પર પુરતુ ધ્યાન અપાય તેમજ આ રોગના સઘન મોનટરીંગ પર ભાર મુક્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે આપણે આ માટે પડકારોને ઓળખી લીધા છે અને તે પડકારોને પહોંચી વળવા માટે ટુંક જ સમયમાં આખો રોડમેપ તૈયાર કરી કામગીરી કરીશુ.

લાંગાએ રાત્રિ સભા, મમતા દિવસની ઉજવણીમાં પણ આ રોગની જનજાગૃતિ માટેની ખાસ ચર્ચા કરવાના સુચનોને આવકાર્યા હતા. તેમણે નોટીફીકેશન અંગેની ગુજરાતી નકલો તૈયાર કરી ખાનગી તબીબોને પણ ઉપલબ્ધ કરાવવાની વાત કરી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી ઉપરાંત ડૉ. એમ.બી. સોલંકી, ડૉ. મનાબેન ચૌહાણ, ડૉ. અનિલ ચૌહાણ, ડૉ. બી.એમ. સોની, ડૉ. હિરેન થાનકી, ડૉ. ગુંજન ઉપાધ્યાય, ડૉ. નિસર્ગ દેસાઈ, મયુર જોશી, નવિનભાઈ શર્મા, સુનીલ સોની, પ્રકાશ જહા, જયેશભાઈ ચૌધરી, સ્મિતાબેન બાજપાઈ સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# પવનનુ જોર વધતા ઠંડીના ચમકારાની અસર બેવડાઈ : નગરજનો ઠુંઠવાયા

**લઘુત્તમ તાપમાનમાં બે ડિગ્રી ઉંચકાયુ ઠંડીનો પારો ૧૩ ડિગ્રી : સાંજ ઢળતા જ ઠંડા પવનના સુસવાટાથી નગરજનો ઘરમાં પુરાયા**

ગાંધીનગર તા ૧૪

શહેરમાં ઠંડીનો પારો ૧૧ ડિગ્રીએ પહોંચી જતા નગરજનોએ સિઝનની રેકર્ડબ્રેક ઠંડી અનુભવી હતી. સમગ્ર રાજયમાં ગાંધીનગર ઠંડાગાર શહેર તરીકે ઉભરી આવ્યા બાદ લઘુત્તમ તાપમાનમાં બે ડિગ્રીની ગિરાવટ જોવા મળી છે.પરંતુ પવનનુ જોર વધુ રહેતા ઠંડીની અસર બેવડાઈ હોવાનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. આજે પણ સાંજ ઢળતા જ નગરજનોએ અસહ્ય ઠંડીનો ચમકારો અનુભવ્યો હતો.શહેરીજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા.



ગાંધીનગરમાં બે દિવસ પુર્વે ઠંડીનો પારો ૧૧ ડિગ્રીએ પહોંચી જતા સિઝનની રેકર્ડબ્રેક ઠંડી નોંધાઈ હતી. નગરજનો આકરી ઠંડીના લીધે પ્રભાવિત થતા નગરના માર્ગો પર સાંજ ઢળતા જ સુનકાર છવાઈ ગયો હતો. ઠંડીનો પારો ૧૧ ડિગ્રીએ પહોંચી જતા શહેરમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. જો કે ઠંડીનુ જોર ઘટવા છતા વાતાવરણમાં નગરજનો અસહ્ય ઠંડીનો ચમકારો અનુભવી રહ્યા છે. આજે લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રી રહ્યુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનુ પ્રમાણ ઘટયુ હતુ. પરંતુ પવનનુ જોર વધુ હોવાથી સાંજ ઢળતાની સાથે ઠંડીનો ચમકારો વર્તાતો હતો. સેકટરવાસીઓ પણ અસહ્ય ઠંડીથી બચવા માટે રાત્રિના સમયે ઘરના બારી બારણા બંધ કરીને અંદર પુરાઈ ગયા હતા. જયારે સાંજે હળવા વાદળિયા વાતાવરણ વચ્ચે ઠંડો પવન ફુંકાત ઠંડીની અસર બેવડાઈ હતી. દિવસ દરમિયાન પણ પવનના લીધે ઠંડીનુ જોર વધુ અનુભવતા નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. જયારે રાત્રિના સમયે ખુલ્લામાં રહેતા શ્રમિકોએ પણ તાપણા કરી ઠંડીથી બચવા માટે પ્રયાસ કર્યો હતો. હાલ નગરમાં લગ્નસરાની સિઝન નિખરી છે. ત્યારે ઠંડીનો આકરો મિજાજ પરેશાનીનુ કારણ બન્યો છે. લગ્નસરાની મોસમ પણ ઠંડીના લીધે પ્રભાવિત થઈ છે. લગ્નસરાની મોસમમાં પણ ઠંડીથી બચવા માટે જાનેયાઓ ગરમ કપડામાં સજ્જ જોવા મળે છે.જયારે રાત્રિના સમયે ઠંડીથી બચવા માટે તાપણા ગોઠવાયેલા નજરે પડે છે.ઠંડીનુ જોર વધતા નગરના શોપિંગ બજારોમાં ગરમ કપડાનુ વેચાણ વધ્યુ છે. જયારે તિબેટીયન બજારમાં પણ ગરમ કપડાની ખરીદી માટે નગરજનોની ભીડ જામે છે.

# ઉવારસદ ખાતે ઈંટોના ભઠ્ઠામાં બાજી માંડીને બેઠેલા ચાર શકુનિઓ ઝડપાયા

**અડાલજ પોલીસે સવા લાખ રૂપિયાના રોકડ મુદ્દામાલ સાથે ચારેયની ધરપકડ કરી**



ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર નજીક ઉવારસદ થી સરગાસણ તરફ જવાના રસ્તા ઉપર આવેલા એસ.આર ઈંટોના ભઠ્ઠા ઉપર કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમીને આધારે અડાલજ પોલીસની ટીમે દરોડો પાડી રાત્રે ચાર શકુનીઓને બાજી સાથે રંગેહાથ ઝડપી પાડયા હતા. અડાલજ પોલીસે ચારેય સામે જુગારધારાની કલમ હેઠળ ગુનો દાખલ કરીને ધરપકડ કરી સવા લાખ રૂપિયાના રોકડ મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

અડાલજ પોલીસ મથકના પીઆઈ જે. જી. વાઘેલા તથા પીએસઆઈ કે.જી ગોસ્વામી અને તેમની ટીમના માણસો ગઈ રાત્રે પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે ઉવારસદ ગામની સીમમાં ઉવારસદ ગામથી સરગાસણ જતા રોડ પર આવેલા એસ. આર. ઈંટોના ભઠ્ઠા પાસે કેટલાક શખ્સો ટોળુ વળીને જુગાર રમી રહ્યા છે. આ બામતીના આધારે અડાલજ પોલીસે રાત્રે પોણા બાર વાગ્યે બાતમીવાળી જગ્યા પર દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસે કોર્ડન કરીને ઉવારસદ ગામના જ ચાર જુગારીઓને દબોચી લીધા હતા. પોલીસે નરેન્દ્ર ઉર્ફે ટીના નટવરભાઈ પટેલ, પંકજ મનુભાઈ પટેલ, ઉપેન્દ્ર મનુભાઈ પટેલ અને રમતુ ધુળાજી ઠાકોરને ઝડપી લીધા હતા. પકડાયેલા જુગારીઓની અંગ ઝડતી તથા દાવ પર લગાવેલા મળી પોલીસે કુલ રોકડા રુ.૧,૧૮,૮૬૦ જપ્ત કર્યા છે. અડાલજ પોલીસે જુગારધારાની કલમ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# આર ટી ઓ કચેરીમાં વાહનોના નંબરો ફાળવવાની પ્રક્રીયા મંદ

**૨ હજાર કેસ પેન્ડીંગ : સર્વર ડાઉન થતા વારંવાર ટેકનિકલ ખામી સર્જાય છે : નવા વાહનોના નંબરો ન ફળવાતા ડિલર્સ અને વાહનધારકો પરેશાન**

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં વારંવાર સર્જાતી ટેકનિકલ ખામી અરજદારો માટે છાશવારે શિરદર્દ સમાન બને છે. જયારે થોડ સમય અગાઉ પણ વાહનોના નંબરો ઈસ્યુ કરવાની પ્રક્રીયા ટેકનિકલ ખામીના લીધે અટવાઈ હતી. જેના લીધે હાલ આર ટી ઓ કચેરી કક્ષાએથી ૨ હજાર જેટલા વાહનોને નંબરો ફાળવવાની પ્રક્રીયા પેન્ડીંગ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં વારંવાર ટેકનિકલ ખામીના લીધે વહીવટી કામગીરી પ્રભાવિત થાય છે. આર ટી ઓમાં છાશવારે સર્વર ડાઉન થવાના લીધે અરજદારોને ધક્કે ચઢવાનો વારો આવે છે. જયારે આ સ્થિતિ વચ્ચે લાયસન્સ તેમજ ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક સહીત વાહનોની નોંધણી તેમજ નંબરો પાડવાની પ્રક્રીયા પણ અટવાઈ જાય છે. આર ટી ઓ કચેરી પેપરલેસ બન્યા બાદ વારંવાર આ પ્રકારની સ્થિતિ સર્જાતા ઓનલાઈન એપોઈન્ટમેન્ટ સિસ્ટમના અંતે પણ અરજદારોએ એજન્ટો પાસેથી કામ નિપટાવવુ પડે છે. અગાઉ પણ આર ટી ઓ કચેરીમાં અરજદારોને વાહનોના નંબરો લાંબા સમયથી મળતા ન હોવાનો રોષ ઉદભવ્યો હતો. જયારે છેલ્લા કેટલાક દિવસોથી ફરી આ સ્થિતિ ઉભી થઈ છે. જેના લીધે માર્ગ પર દોડતા નવા વાહનોને નંબર ન હોવાથી દંડાવાનો વારો પણ આવતો હોવાનો રોષ પ્રબળ બન્યો છે. આવા સંજોગોમાં આર ટી ઓ કચેરીમાં છેલ્લા એક અઠવાડીયાથી ફરી નંબરો ન પડતા હોવાની ફરિયાદો ઉઠી છે. જેના લીધે ડિલર્સ અને વાહનધારકો પરેશાન બન્યા છે. જો કે આર ટી ઓ અધિકારીના જણાંવ્યા મુજબ થોડા દિવસો અગાઉ આ કામગીરી ખોરવાઈ હતી. પરંતુ હાલ નંબરો ફાળવવાની પ્રક્રીયા ચાલુ છે.જો કે આ સ્થિતિ વચ્ચે ર હજાર જેટલા વાહનોના નંબરો પેન્ડીંગ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.




# સે-૧૭ સ્થિત એકઝિબીશન સેન્ટરના માર્ગોની સુધારણા હાથ ધરાશે

**વાઇબ્રન્ટમાં યોજાનારા મેગા એકઝિબીશનને અનુલક્ષી માર્ગોના ખાડા પુરાશે**

ગાંધીનગર તા ૧૪

શહેરમાં સે-૧૭ સ્થિત એકઝિબીશન સેન્ટરના રસ્તાઓની સુધારણાનુ કામ હાથ ધરાશે. આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી આ ઠેકાણે આનુસંગિક સુવિધાઓ યોગ્ય કરવા માટે તંત્રએ કામગીરી શરૂ કરી દીધી છે. જયારે મેગા એકઝિબીશન સેન્ટર પર આવતા દેશ વિદેશના મહાનુભાવોને અનુલક્ષી સેન્ટર આસપાસના રસ્તાઓના રીસરફેસીંગનુ કામ હાથ ધરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ કરાશે.

શહેરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી તડામાર તૈયારીઓ આંરભી દેવામાં આવી છે. નગરમાં માર્ગ સુધારણા ઉપરાંત કલરકામ તેમજ સફાઈ સહીત સુશોભનની કામગીરી વિશેષ રીતે હાથ ધરવામાં આવી છે. વાઈબ્રન્ટ સમિટના આડે હવે એક મહીના જેટલો સમય જ બાકી રહ્યો છે. ત્યારે તંત્ર કક્ષાએથી પણ આ કામગીરી પુરઝડપે પુરી કરવા માટે મથામણ કરવામાં આવી રહી છે. વાઈબ્રન્ટ દરમિયાન દેશ વિદેશના મહાનુભાવો ગાંધીનગરના મહેમાન બનતા હોવાથી સલામતી અને સુશોભનનો મુદ્દો મુખ્ય બને છે. નગરની ફુટપાથ અને રસ્તાઓને પણ સુશોભિત કરવા માટે આયોજન કરાયુ છે. આ સઘળી કામગીરી

● અનુસંધાન પાન-૭ પર

# વાઈબ્રન્ટ સમિટ દરમિયાન સુરક્ષા વ્યવસ્થા જાળવવા ખાસ 'વાઈબ્રન્ટ સેલ' બનાવાયો

**વાઇબ્રન્ટ સમિટના બંદોબસ્તના અનુભવી પોલીસ અધિકારીઓને આ સેલમાં મુકાયા : જાન્યુઆરીમાં યોજાનાર સમિટમાં કાયદો અને વ્યવસ્થા સ્થિતિનું મોનિટરિંગ જિલ્લા પોલીસ અધિક્ષક સહિત ૩૦ આઇપીએસ અધિકારીઓ કરશે : વધુ ૪૫ પોલીસ ચોકીઓ પણ મુકાશે**

ગાંધીનગર, તા. ૧૪

આગામી જાન્યુઆરી માસમાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટ દરમિયાન દેશ-વિદેશના વીવીઆઈપી મહાનુભાવો ઉપરાંત વિદેશી ડેલિગેટ્સ અને નામી નેતા-અભિનેતાઓ ગાંધીનગરના મહેમાન બનશે ત્યારે તમે સુરક્ષા અને સલામતીને ધ્યાનમાં રાખીને ગાંધીનગર પોલીસ દ્વારા અત્યારથી જ ચુસ્ત બંદોબસ્ત સ્કીમ તૈયાર કરવામાં આવી રહી છે. આ બંદોબસ્ત કે સ્કીમ તૈયાર કરવા માટે અલગથી જ ખાસ 'વાઈબ્રન્ટ સેલ' બનાવવામાં આવ્યો છે. આ વાઈબ્રન્ટ સેલમાં ગાંધીનગર જિલ્લાના અનુભવી અને અગાઉ યોજાયેલા વાઈબ્રન્ટ સમિટના બંદોબસ્તમાં વિશેષ જવાબદારીઓ સંભાળી હોય તેવા પોલીસ અધિકારીઓને આ સેલમાં મૂકવામાં આવ્યા છે. નોંધનીય બાબત એ છે કે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનું મોનિટરિંગ જિલ્લા પોલીસ અધિક્ષક સહિત ૩૦ જેટલા આઈપીએસ અધિકારીઓ દ્વારા કરવામાં આવશે. તે ઉપરાંત શહેર તથા આસપાસના હાઈવે રૂટ પરના વિસ્તારમાં ૪૫ પોલીસ ચોકી પણ ઉભી કરવામાં આવનાર છે.

ગુજરાત સરકાર દ્વારા દર બે વર્ષે યોજાતી વાઈબ્રન્ટ સમિટ આગામી જાન્યુઆરી મહિનામાં યોજાવાની છે જે અંતર્ગત સરકાર તેમજ વહીવટી તંત્ર સહિત અન્ય વિભાગો આ તૈયારીઓમાં કામે લાગી ગયા છે. આ વાઈબ્રન્ટ સમિટ દરમિયાન દેશ-વિદેશથી મહાનુભાવો ગાંધીનગરના મહેમાન બનતા હોવાથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય અને તેમની સુરક્ષા વ્યવસ્થા જળવાઈ રહે તે બાબત અતિ મહત્વપૂર્ણ બને છે. જે અન્વયે ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક પોલીસ બંદોબસ્તની સ્કીમ તૈયાર કરવા સહિતની કામગીરી માટે અલગથી જ વાઈબ્રન્ટ સેલ બનાવ્યો છે. આ વાઈબ્રન્ટ સેલમાં અગાઉની સમિટના બંદોબસ્તના અનુભવી પોલીસ અધિકારીઓને મૂકવામાં આવ્યા છે. વાઈબ્રન્ટ સમિટના સમગ્ર બંદોબસ્તમાં ગાંધીનગર જિલ્લા ઉપરાંત પાંચથી વધુ જિલ્લાઓના પોલીસ અધિકારી-કર્મચારીઓ બંદોબસ્તમા જોડાતા હોય છે. આ બંદોબસ્તમાં કોણ કોણ અધિકારીઓ-જવાનો આવશે તે સહિતની તમામ તૈયારીઓ બારીકાઈથી શરૂ કરી દેવામાં આવી છે. તે ઉપરાંત ગત સમિટની જેમ આ વર્ષે પણ મહાત્મા મંદિરમાં કોઈ પોલીસ અધિકારી-કર્મચારીઓ ખાખી ડ્રેસમાં જોવા મળશે નહીં. મહાત્મા મંદિરમાં બંદોબસ્તમાં તૈનાત પોલીસ અધિકારી કર્મચારીઓ માટે કોર્પોરેટ લુક લાગે તેવો ડ્રેસ કોડ તૈયાર કરવામાં આવ્યો છે. પોલીસ અધિકારીઓ માટે બ્લેઝરને પણ ડ્રેસકોડ માં સ્થાન આપવામાં આવ્યું છે. વાઈબ્રન્ટ સમિટના બંદોબસ્તના અનુભવી અધિકારીઓ ને ખાસ કિસ્સામાં ગાંધીનગરમાં બંદોબસ્તમાં બોલાવવામાં આવનાર છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન ટ્રાફિકની અવ્યવસ્થાના ન સર્જાય તે માટે અલગથી પાર્કિંગના અલગ-અલગ પોઈન્ટ કલર કોડ મુજબ તૈયાર કરી અત્યારથી જ મેદાનો બુક કરી દેવામાં આવ્યા છે. તો બીજી તરફ ગાંધીનગર શહેરના જ અને ચ માર્ગ ઉપરાંત ગાંધીનગર સરખેજ હાઈવે તથા ગાંધીનગર-કોબા હાઈવે ઉપર પોલીસ ચોકીઓ મૂકવા માટેની પણ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે જેના માટે ૪૫ નવી પોલીસ ચોકી તૈયાર થઈ ગઈ છે.




# મનપાના કાનૂની જંગમાં વધુ એકવાર મુદત પડી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરની ચૂંટણી પ્રક્રિયાને પડકારતી કરાયેલી રીટમાં આજે ૨૧મી ડિસે.ની મુદત રાજ્યની વડી અદાલતે આપી છે.

કોંગ્રેસના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા અને પીન્કીબેન પટેલ દ્વારા કરાયેલ રીટ અંગે આજે સુનાવણી હતી.


આજે આ કેસમાં પણ મુદત પડતાં હવે આગામી સપ્તાહમાં મનપાનું કોકડુ ઉકેલાય તેવી શક્યતાના સંકેતો રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બન્યા છે. જોકે હાલ તો મેયરનો પક્ષાંતરધારા ભંગના કેસ સહિતની જુદી જુદી ચાર રીટને લઈ કાનૂની પ્રક્રિયામાં સમગ્ર પ્રક્રિયા અટવાઈ પડી છે.

# ગાંધીનગરથી અન્નપૂર્ણા પદયાત્રા સંઘનું આયોજન

**શહેરમાંથી છેલ્લા ૩૬ વર્ષથી સંઘ અન્નપૂર્ણા મંદિરે જાય છે**

ગાંધીનગર, તા. ૧૪

શ્રી અન્નપૂર્ણા માતાજીના વ્રત દરમિયાન ગાંધીનગરથી અંબાસણ ગામે શ્રી અન્નપૂર્ણા માતાજીના મંદિર સુધી પદયાત્રા સંઘનું આયોજન કરવામાં આવે છે. સતત ૩૫ વર્ષથી પદયાત્રા યોજાય છે, જયારે આ વર્ષે તા. ૨૦ ડિસેમ્બરને ગુરુવારે સવારે ૬ કલાકે પ્લોટ નં. ૫૬૦-૩ આંગન ફ્લેટ, લગ્નવાડી સામે, સેક્ટર-૨૩ ગાંધીનગર ખાતેથી પદયાત્રા સંઘનું પ્રસ્થાન થશે.ત્યારે આ પદયાત્રા સંઘમાં જોડાવા ઈચ્છુક પદયાત્રીઓએ પોતાના નામ દિપક જાની મો. ૯૮૯૮૦ ૩૦૬૫૨, દિનેશભાઈ ત્રિવેદી ૯૮૭૯૧ ૮૧૧૨૯, રુષીભાઈ જાની મો. ૯૯૨૫૭ ૮૯૫૨૭ તેમજ જીગ્નેશ જાની ૯૫૩૭૧ ૩૦૬૫૨ કેતન જાની મો. ૮૯૮૦૦૦૦૫૨૬ નોંધાવવા જણાવાયું છે.



# મહુન્દ્રાના મહિલા સરપંચ સામે અવિશ્વાસની દરખાસ્ત ૨/૩ બહુમતીથી પસાર

**વિકાસ કામોમાં ઉદાસીનતા, મનસ્વી નિર્ણયો લેવા બદલ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત કરી હતી**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામના સરપંચને વિકાસના કામો પ્રત્યે ઉદાસીનતા, સભ્યોને સાંભળ્યા વિના મનસ્વી રીતે નિર્ણયોના મુદ્દે સભ્યો દ્વારા અવિશ્વાસની દરખાસ્ત લાવવામાં આવી હતી.

અગાઉની સામાન્ય સભામાં આ દરખાસ્ત રજૂ કર્યા બાદ સરપંચ વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત અંગે મતદાન કરવામાં આવ્યું હતું. જેમાં સરપંચની તરફેણમાં બે જયારે વિરૂદ્ધમાં છ સભ્યો હાથ ઊંચા કર્યા હતા. જેને લઈને સરપંચ વિરૂદ્ધ ૨/૩ બહુમતીથી અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ હતી.

સરપંચની સામે અવિશ્વાસની દરખાસ્ત લાવવાના કારણોમાં સરંપચને વિકાસ કામો કરવામાં રસ ન હતો. ગ્રામ પંચાયતના સભ્યોને સાંભળ્યા વિના જ મનસ્વીરીતે

● અનુસંધાન પાન-૭ પર





ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય